દક્ષિણ ગુજરાતમાં વરસાદ યથાવત : ઉમરગામમાં છ ઈંચ

નિચાણવાળા વિસ્તારો જળબંબાકાર : એનડીઆરએફ, મેડિકલ અને રાહત-બચાવની ટીમો કામે લાગી : અમરેલી જિલ્લામાં નોંધપાત્ર વરસાદ નોંધાયો

અમદાવાદ,તા. ૯

દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રમાં આજે સતત બીજા દિવસે પણ ભારે વરસાદ યથાવતરીતે જારી રહેતા જળબંબાકાર અને સર્વત્ર પાણી પાણી કરતી સ્થિતિ સર્જાઈ ગઈ હતી. વલસાડ જિલ્લામાં ઉમરગામમાં ગઈકાલે ૧૪ ઈંચ જેટલો અતિ ભારે વરસાદ ખાબકયા બાદ આજે પણ મેઘરાજાએ ઉમરગામ સહિતના પંથકોમાં પાંચ થી છ ઈંચ જેટલો ભારે વરસાદ વરસાવ્યો હતો. જેને કારણે સ્થાનિક પ્રજાજોની હાલાકી અને મુશ્કેલીમાં ખૂબ વધારો નોંધાયો હતો. ઉમરગામ સહિતના પંથકોમાં ગઈકાલના વરસાદી પાણી ઉતર્યા ન હતા ત્યાં આજે ફરી પડેલા વરસાદને લઈ લોકો ભારે હાલાકીનો ભોગ બન્યા હતા. તો બીજીબાજુ, પરિસ્થિતિની ગંભીરતાને ધ્યાને લઈ સ્થાનિક તંત્ર, એનડીઆરએફ, પોલીસ, મેડિકલ અને રાહત-બચાવની ટીમોને અહીં ઉતારી દેવાઈ હતી અને ભારે અસરકારકતા સાથે કામે લગાડી દેવાઈ હતી. બીજીબાજુ, હવામાન વિભાગ દ્વારા આગામી પાંચ દિવસમાં રાજયભરમાં ભારેથી અતિભારે વરસાદની આગાહી કરી છે, જેમાં ખાસ કરીને દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રના વિસ્તારોમાં ભારે વરસાદની આગાહી કરાઈ છે, જયારે ઉત્તર ગુજરાત અને મધ્ય ગુજરાતના કેટલાક વિસ્તારોમાં હળવા વરસાદની શકયતા વ્યકત કરવામાં આવી છે. દક્ષિણ ગુજરાત સહિતના વિસ્તારોમાં ગઈકાલે મેઘરાજાએ જોરદાર ધડબટાડી બોલાવી હતી. ખાસ કરીને ઉમરગામ, ધરમપુર સહિતના પંથકોમાં તો સાંબેલાધાર અનારાધાર વરસાદ વરસ્યો હતો. ઉમરગામમાં તો ૧૫ કલાકમાં ૧૪ ઈંચ વરસાદ ખાબકતાં સર્વત્ર જળબંબાકાર સર્જાયુ હતું. ટીંભી ગામનું તળાવ ફાટતાં રસ્તાઓ, ખેતરો અને આસપાસના વિસ્તારોમાં પાણી ફરી વળ્યા હતા.

ધરમપુરમાં પણ સાત ઈંચ જેટલો અતિ ભારે વરસાદ ખાબકતાં સમગ્ર પંથક પાણીમાં ગરકાવ બન્યો હતો. ઉમરગામ અને ધરમપુર સહિતના વિસ્તારોમાં અનરાધાર વરસાદને પગલે પરિસ્થિતિ એટલી હદે વણસી હતી કે, રોહિતવાસ, સ્ટેશન રોડ સહિતના વિસ્તારોમાંથી સેંકડો લોકોનું સ્થળાંતર કરાવવાની ફરજ પડી હતી. પોલીસ, એનડીઆરએફ સહિતની ટીમો અસરગ્રસ્ત વિસ્તારોમાં રાહત અને બચાવ અભિયાનમાં જોતરાઈ હતી. ગણતરીના કલાકોમાં ૧૪ ઈંચ જેટલા અતિભારે વરસાદથી ઉમરગામ જાણે બેટમાં ફેરવાયું હતું. આજે સતત બીજા દિવસે ઉમરગામ સહિતના પંથકોમાં મેઘરાજાએ તોફાની બેટીંગ જારી રાખી હતી. જેમાં ગણતરીના કલાકોમાં જ પાંચથી છ ઈંચ વરસાદ ખાબકતાં ફરી એકવાર સર્વત્ર જળબંબાકારની સ્થિતિ જોવા મળી હતી. લોકોના ઘરો-દુકાનો અને કોમ્પલેક્ષોમાં પણ પાણી ભરાઈ ગયા હતા. તો, સમગ્ર વિસ્તારમાં કમર સુધીના ઉંડા પાણી ભરાઈ ગયા હતા. લોકોના ઘરોમાં ઘરવખરીનો સામાન, ફર્નિચર સહિતનો કિંમતી માલસામાન અને અનાજ-કરિયાણું અને અનેક ચીજવસ્તુઓ પાણીમાં ગરકાવ બનીને બગડી ગયા હતા, જેને લઈને લોકોની હાલત કફોડી બની હતી. ઉમરગામ તાલુકામાં સીઝનનો સરેરાશ વરસાદ ૧૦૦ ઈંચ છે. ત્યારે આ વર્ષે અત્યાર સુધીમાં ૫૫ ઈંચથી વધુ વરસાદ ખાબકી જતાં માત્ર ૧૫ દિવસમાં જ તાલુકાની વરસાદની અડધી સીઝન પૂરી થઈ ગઈ છે. મધુબન ડેમમાં ઉપરવાસમાં વરસી રહેલા ધોધમાર વરસાદને કારણે મધુબન ડેમની જળ સપાટી ૭૪.૫૦ મીટરે પહોંચતા ડેમના આઠ દરવાજા ખોલવામાં આવ્યા હતા. જેના કારણે દમણગંગા નદી ગાંડીતૂર બની છે. દક્ષિણ ગુજરાતની જેમ સૌરાષ્ટ્રમાં અમરેલીમાં પણ ચારથી પાંચ ઈંચ જેટલો ભારે વરસાદ નોંધાયો હતો. અમરેલીના ધારી, રાજુલા, જાફરાબાદ, વિકટર તથા સાવરકુંડલાના નવાગામ,દાધિયા, મેરિયાણા, વીજપડી ઉપરાંત, રાજકોટના કોટડટા સાંગાણી સહિતના પંથકોમાં ધોધમાર વરસાદ વરસતાં લોકો ખુશખુશાલ બન્યા હતા.ગોંડલ પંથકમાં પણ આજે સારો વરસાદ નોંધાયો હતો. સૌરાષ્ટ્ર પંથકમાં પણ આજે સતત બીજા દિવસે પણ મેઘમહેર જારી રહી હતી.

હાર્દિકના ઉપવાસમાં મેવાણી, અલ્પેશ નહીં જોડાય

જીજ્ઞેશ મેવાણી અને અલ્પેશ ઠાકોરે આંદોલનને લઇ હાર્દિકને શુભેચ્છા પાઠવી પણ આંદોલનમાં જોડાવા ઇન્કાર

અમદાવાદ,તા. ૯

પાટીદાર યુવા નેતા અને પાસના કન્વીરન હાર્દિક પટેલે અનામતની માંગણીને લઈ ફરી એકવાર તા.૨૫ ઓગસ્ટથી આમરણાંત ઉપવાસ પર બેસવાની જાહેરાત કરી છે, જેમાં જીજ્ઞેશ મેવાણી અને અલ્પેશ ઠાકોર પણ જોડાવાની આશા વ્યકત કરી હતી પરંતુ તાજેતરમાં આરટીઈ અને દારૂના મુદ્દે જનતા રેડમાં તેને સાથ આપનાર કોંગ્રેસના ધારાસભ્ય અલ્પેશ ઠાકોર અને દલિત યુવાનેતા અને અપક્ષ ધારાસભ્ય જીજ્ઞેશ મેવાણીએ આ સમગ્ર મામલે સ્પષ્ટતા કરી હતી કે, અમે હાર્દિકના ઉપવાસ આંદોલનમાં જોડાવાના નથી. પરંતુ અમારી શુભેચ્છા તેની સાથે રહેશે. બીજીબાજુ, હાર્દિક પટેલના ઉપવાસ આંદોલનને અટકાવવા રાજય સરકારે હવે કાયદાકીય સલાહ સહિતના વિકલ્પો પર કવાયત શરૂ કરી છે અને એ દિશામાં અસરકારક ચક્રો ગતિમાન કર્યા છે. પાટીદાર અનામત આંદોલન સમિતિના નેતા હાર્દિક પટેલે પાટીદારોને અનામત આપવાના મુદ્દે તા.૨૫ ઓગસ્ટથી અમદાવાદમાં આમરણાંત ઉપવાસ પર બેસવાની ઘોષણા કરી હતી તેમજ પાટીદાર અનામત આંદોલનને ઓબીસી આગેવાન અને કોંગ્રેસના ધારાસભ્ય અલ્પેશ ઠાકોર અને દલિત નેતા તથા અપક્ષ ધારાસભ્ય જીજ્ઞેશ મેવાણી પણ ટેકો આપીને આંદોલનમાં જોડાશે એવી આશા પણ વ્યકત કરી હતી. જો કે, આ અંગે અલ્પેશ ઠાકોરે જણાવ્યું હતું કે, બંધારણ મુજબ તમામને અધિકાર મળે એવી વ્યવસ્થા સરકારે ગોઠવવી જોઈએ. પરંતુ હાર્દિક પટેલના આંદોલનમાં જોડાવા મામલે અલ્પેશ ઠાકોરે સ્પષ્ટતા કરી હતી કે, હાર્દિકના આંદોલનમાં જોડાવાનો સવાલ નથી. આમ છતાં અમારી શુભેચ્છાઓ તેની સાથે હશે. આ જ મુદ્દે જીજ્ઞેશ મેવાણીએ જણાવ્યું હતું કે, મગરની ચામડી વાળી આ સરકાર સામે ઉપવાસ આંદોલનની જરૂર નથી. પરંતુ લડાઈની જરૂર છે. હાર્દિકના આંદોલનને અમારી પણ શુભકામના છે. હાર્દિક સાથે આંદોલનમાં સાથે બેસવા મુદ્દે મેવાણીએ નનૈયો ભણી વધુ કંઈ કહેવાનું ટાળ્યું હતું. બીજીબાજુ, બંને યુવા નેતાઓ આંદોલનમાં જોડાવાના નથી તે મુદ્દે હાર્દિક પટેલને પૂછતાં તેણે ફરી આશા વ્યકત કરતાં જણાવ્યું હતું કે, તા.૨૫ ઓગસ્ટથી શરૂ થતા પાટીદાર અનામત આંદોલન પાર્ટ ૨ અંગેના આમરણાંત ઉપવાસમાં અલ્પેશ ઠાકોર અને મેવાણીનો સહયોગ મળશે.

ધી ભિલોડા દુધ ઉત્પાદક સહકારી મંડળી લી. ધ્વારા દુધ ઉત્પાદકો, સભાસદોને સ્ટીલની બરણીનું વિતરણ

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકા મથક ખાતે આવેલ ધી ભિલોડા દુધ ઉત્પાદક સહકારી મંડળી લી. ધ્વારા તમામ દુધ ભરાવતા ગ્રાહકો, દુધ ઉત્પાદકો,સભાસદોને સ્ટીલની બરણીનું વિતરણ કરાયું હતું. દુધ ઉત્પાદકોમાં આનંદની લાગણી પ્રસરી હતી. ધી ભિલોડા દુધ ઉત્પાદક સહકારી મંડળી લી. ધ્વારા તમામ દુધ ઉત્પાદકોને પ્રોત્સાહિત કરાયા હતા. હિંમતનગર સાબરડેરી કસ્ટોડીયન કમીટી સભ્ય અને ધી ભિલોડા દુધ ઉત્પાદક સહકારી મંડળી લી. ચેરમેન કાંતીલાલ પટેલ, વા.ચેરમેન મનીષભાઈ પટેલ, વ્યવસ્થાપક કમીટી સભ્ય મુકેશભાઈ પટેલ સહિત કારોબારી સભ્યો, સભાસદો ઉપસ્થિત રહ્યા હતા.

તારક મહેતા કા ઉલ્ટા ચશ્માના ડોક્ટર હાથીનું દુ:ખદ અવસાન

મુંબઈ,તા.૯

લોકપ્રિય ટીવી સિરિયલ તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા'માં ડૉક્ટર હાથીની ભૂમિકા અદા કરનાર ૪૫ વર્ષીય કવિ કુમાર આઝાદનું આજે કાર્ડિયેક અરેસ્ટના કારણે એકાએક અવસાન થયું હતું. લાખો લોકોમાં લોકપ્રિયતા મેળવનાર હંસરાજ હાથી દુનિયામાં રહ્યા નથી તેવા સમાચાર ફેલાતાની સાથે જ આઘાતનું મોજુ ફરી વળ્યું હતું. આઝાદ કવિએ કારમાં ૮ જુલાઈના રોજ મિત્ર સાથે ડ્રિન્ક કર્યું હતું અને પછી ઘરે આવી ગયા હતાં. બીજા દિવસે એટલે કે ૯ જુલાઈના રોજ સવારે તેમની તબિયત સારી નહોતી અને તેમણે અસિત મોદીને ફોન કરીને શૂટ પર નહીં આવે તેમ કહ્યું હતું. ત્યારબાદ પરિવાર તેમને મીરા રોડ પર આવેલી વોકહાર્ટ

હોસ્પિટલમાં લઈને ગયા હતાં. જ્યાં ડોક્ટર્સે હાર્ટ એટેકને કારણે નિધન થયું હોવાનું કહીને તેમને મૃત જાહેર કર્યાં હતાં. સિરિયલનો ડ્રાઈવર સવારે ૧૦ વાગ્યે તેમને શૂટિંગમાં લઈ જવા ઘરે પહોંચ્યો હતો પરંતુ તેમની તબિયત સારી ન હોવાના કારણે થોડીવાર આરામ કરવા દેવાની વાત કહી હતી. એ વખતે અચાનક તબિયત બગડતા તેમના ભાઈ હોસ્પિટલ લઈ ગયા હતા. કવિ કુમાર આઝાદ ડ્રિન્ક કરવાના શોખીન હતા. મૂળ બિહારના કવિ કુમાર આઝાદ પોતાના માતા-પિતા તથા મોટા ભાઈ-ભાભી સાથે મીરા રોડ પર આવેલા ફ્લેટમાં રહેતા હતાં. હાલમાં ડો. હાથીના માતા-પિતા મુંબઈ બહાર એક સંબંધીના લગ્નમાં ગયા છે. ડોક્ટર હાથીએ હજી સુધી લગ્ન કર્યાં નહોતાં. કવિ કુમાર આઝાદ ખાવાના ઘણાં જ શોખીન હતાં. તેઓ કેન્ડી, જંકફૂડ બહુ જ ખાતા હતાં. તારક મહેતા..'માં નિર્મલ સોની ડૉ. હાથીનું પાત્ર ભજવતા હતાં. નિર્મલ સોનીએ આ શોમાં એક વર્ષ કામ કર્યા બાદ તેમને રિપ્લેસ કરવામાં આવ્યા હતાં. તેમના સ્થાને કવિ કુમાર આઝાદને લેવામાં આવ્યા હતાં. કવિકુમારે તારક મહેતા ઉપરાંત ૨૦૦૦માં મેલા અને ૨૦૦૩માં રજૂથયેલી ફન્ટુસમાં પણ નજરે પડ્યા હતા. એક વખતે તેમનું વજન ૨૦૦ કિલોની આસપાસ પહોંચ્યું હતું. આરોગ્યના લીધે અનેક વખત હોસ્પિટલમાં પહોંચ્યા હતા. હાલમાં વજન ઘટાડવાના પ્રયાસ કરી રહ્યા હતા.

મહિલા ડીવાયએસપીના બંગલામાં તસ્કરો ત્રાટકતાં ભારે ચકચાર

અમદાવાદ,તા.૯

શહેરના પૂર્વ વિસ્તારમાં દિન-પ્રતિદિન ચોરીની ઘટના વધી રહી છે. રથયાત્રાને હવે ગણતરીના દિવસો બાકી હોવાથી કોઈ અનિચ્છનીય બનાવ શહેરમાં ના બને તે માટે મોડી રાતે પોલીસનો ચાંપતો બંદોબસ્ત રખાયો છે તથા પોલીસ સતત પેટ્રોલિંગ કરી રહી છે તેમ છતાંય તસ્કરો સોસાયટી, બંગલા, ફ્લેટ અને મંદિરમાં બિનધાસ્ત ચોરીની ઘટનાને અંજામ આપી રહ્યા હોવાના બનાવો સામે આવી રહ્યા છે. જેમાં નારોલ વિસ્તારમાં આવેલા ખુદ મહિલા ડીવાયએસપીના બંગલામાંથી ૨૦ લાખ રૂપિયાની કિંમતના સોનાના દાગીનાની ચોરી કરી તસ્કરો બિન્દાસ્ત રીતે રફુચક્કર થઈ જતાં સમગ્ર વિસ્તારમાં ભારે ચકચાર મચી ગઈ હતી તો, સાથે સાથે આ બનાવની જાણ થતાં સમગ્ર પોલીસબેડામાં પણ ભારે ચર્ચા ચાલી હતી. નારોલ વિસ્તારમાં આવેલ શ્રીજી બંગલોની ગલીમાં ભગીરથ હોમ્સ બંગલોઝમાં રહેતાં અને હાલ જૂનાગઢની પોલીસ ટ્રેનિંગ કોલેજમાં ફરજ બજાવતાં ડીવાયએસપી ચેતનાબહેન નવીનચંદ્ર ચૌધરીએ નારોલ પોલીસ સ્ટેશનમાં ૬૭ તોલા સોનાના દાગીનાની ચોરીની ફરિયાદ નોંધાવી છે, જેના આધારે પોલીસે સઘન તપાસ આરંભી છે. આ અંગે પ્રાપ્ત માહિતી મુજબ, મહિલા ડીવાયએસપી ચેતનાબહેન છેલ્લા ઘણા સમયથી જૂનાગઢ પોલીસ ટ્રેનિંગ કોલેજમાં ફરજ બજાવતાં હોવાથી તે ત્યાં રહે છે. ગઈકાલે ચેતનાબહેનના મોબાઈલ પર એક ફોન આવ્યો હતો અને તેમના બંગલાનું તાળું તૂટેલું છે તેવું જણાવ્યું હતું. બંગલાનું તાળું તૂટેલું હોવાના સમાચાર મળતાંની સાથે જ ચેતનાબહેન તાત્કાલિક જૂનાગઢથી અમદાવાદ આવવા માટે નીકળી ગયાં હતાં.

આત્મનાદ ● ચોથા પાનાનું ચાલુ

છે. કોઈ ઈજનેર માર્ગ કે મકાન નિષ્ઠાપૂર્વક બનાવે તો એ દેશપ્રેમ જ છે. દર્દીની પ્રેમથી સેવા કરતો તબીબ કે સમયનો વ્યય કર્યા વગર નિષ્ઠાથી કામ કરતો સરકારી કર્મચારી પણ દેશપ્રેમી જ કહેવાય. નાની નાની વાતોમાં રાષ્ટ્ર પ્રત્યેની ભાવના જે દેશના નાગરિકોમાં છલકતી હોય તે રાષ્ટ્ર નિઃસંદેહ પણે વિકાસ માર્ગે મક્કમતાથી આગળ વધવાનો જ છે. નાનું કે મોટું કોઈ પણ કાર્ય મારા રાષ્ટ્રના નિર્માણનું કાર્ય છે, એમ સમજીને કરવામાં આવે તો કાર્ય અનોખો નિખાર આવે.

દેશના સૈનિકો સરહદ ઉપર જાગે છે એટલે આપણે નિરાતે ઉંઘી શકીએ છે. સૈનિકોને જ્યાં અને જ્યારે મળીએ ત્યારે સસ્મિત ગર્વથી સલામ કરીએ. જેમ સૈનિકો સરહદ પર લડીને રાષ્ટ્રની સેવા કરે છે, એમ આપણા જે કોઈ કામ છે તેને સંપૂર્ણ શ્રદ્ધા અને નિષ્ઠાથી કરીને દેશના નિર્માણમાં યોગદાન આપતા આપણે પણ રાષ્ટ્રના સૈનિક જ છીએ એવી ભાવના બળવત્તર કરવી પડે. આપણી ઉપર દુશ્મનનો કોઈ ખતરો ન આવે એવી પ્રાર્થના કરવા કરતાં મુશ્કેલીઓનો મક્કમતાથી મુકાબલો કરવાની ઈશ્વર મને શક્તિ આપ એ પ્રકારની પ્રાર્થના હોવી જોઈએ.

ધાબકાર -

જિંદગી તો પોતાના બાવડાના બળ ઉપર જ જીવાય છે, બીજાના ખભે તો નનામી જતી હોય છે.

- શહીદ વીર ભગતસિંહ

ભારે વરસાદ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

શક્યતા રહે. સૌરાષ્ટ્રના દરિયાકિનારાના ભાગો, દક્ષિણ ગુજરાત, કચ્છ, ઉત્તર ગુજરાતના તમામ પંથકો, મધ્ય ગુજરાતમાં પણ વરસાદ થાય. ઘણા ભાગોમાં જ્યાં વરસાદ થવામાં નથી ત્યાં પણ મેઘ મહેર થાય. જોકે પુર્નવસુ નક્ષત્રનુ પાણી ઉભા કૃષિપાકો માટે સારૂ ગણાતુ નથી. કૃષિ પાકોની વાવણી અંગે વરાપ થયા પછી કૃષિકાર્યો કરવા સારા રહે. આદ્રાના સુર્ય નક્ષત્રમાં જ્યાં ખાડા ખાબોચિયા અથવા સામાન્ય તળાવો ભરાય જ્યારે પુર્નવસુ નક્ષત્રમાં જળાશયો ભરાય.

વરસતા નથી... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

છે. દિવસ દરમિયાન વાદળો વચ્ચે લુપાછુપી રમતા સુરજદાદા આકરી ગરમી વરસાવતા નથી પરંતુ વાદળિયા માહોલ વચ્ચે વાતાવરણમાં ભેજનુ પ્રમાણ વધવાની સાથે નગરજનો અસહ્ય બફારાથી બેચેન છે. વરસાદ દરરોજ દસ્તક આપીને છુ થઈ જાય છે. દિવસની ગરમીથી નાગરિકો તોબા થઈ ગયા છે. વાવણી ટાંણે મેઘરાજાના રીસામણાં પણ હવે સૌ કોઈ માટે ચિંતાનુ કારણ છે. વાદળો રોજ ગોરંભાય છે પરંતુ વરસતા નથી.

વાવણીનું કામ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

વનતંત્ર દ્વારા ચોમાસા પુર્વે શહેરમાં એડવાન્સ વાવેતર કર્યુ હતુ તેને જીવંત રાખવા માટે પણ પ્રયાસો શરૂ કરી દેવાયા છે. વનતંત્ર દ્વારા ચોમાસા દરમિયાન શહેરમાં નવા રોપાઓની વાવણી માટે કામગીરી શરૂ કરી દેવામાં આવી હતી. અગાઉ વરસાદના બે ઝાપટા બાદ હવે મેઘરાજા મનમુકીને વરસશે તેવી આશ સાથે વાવેતર કરવા માટે કામ શરૂ કરાયુ હતુ પરંતુ વરસાદ ખેંચાતા વનતંત્ર માટે પણ મુંઝવણ ઉભી થઈ છે. જેને અનુલક્ષીને નવા રોપાઓની વાવણીનુ કામ હાલ અટકાવી રોપાઓને જીવંત રાખવા ટીમ કામે લાગી છે.

બ્રિડીંગ મળી આવ્યા... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

લેવાની થતી કાળજી તેમજ મેલેરિયા અને વાહકજન્ય રોગોથી બચવા માટે શુ પગલાં લેવા જોઈએ તેની સમજૂતી આપી જન-જાગૃતિ અભિયાન પણ છેડ્યુ હતુ.

તંત્રની ટીમો દ્વારા ૫૮,૭૦૫ મકાનોને આજે સર્વેલન્સમાં આવરી લીધા હતા. સર્વેલન્સમાં ૧૩૦૦થી પણ વધુ કર્મયોગીઓ જોડાયા છે. ૧૪મી સુધી આ સર્વેલન્સની કામગીરી ચાલશે.

જિલ્લામાં અગાઉ યોજાયેલ ત્રણ તબક્કામાં હજજારોની સંખ્યામાં બ્રિડીંગ મળી આવ્યા હતા અને પોરાનાશક કામગીરી તંત્ર દ્વારા કરવામાં આવી હતી તે ઉલ્લેખનીય છે.

હાલ જિલ્લામાં મચ્છરોની ઉત્પત્તિ માટે સાનુકૂળ વાતાવરણ હોઈ આ રાઉન્ડ અત્યંત મહત્વનો પુરવાર થશે તેમ તંત્રના સૂત્રોએ સ્વીકાર્યુ છે.

વાહકજન્ય મેલેરિયા નાબુદી-૨૦૨૨ના લક્ષ્યાંક સાથે અમે મેલેરિયાને નાથવા સજજ અને સક્ષમ અને તૈયાર છીએ તે થીમ પર આ વખતે ચાર તબક્કામાં હાઉસ ટુ હાઉસ સર્વેલન્સ કરવાનો નિર્ણય રાજ્યના આરોગ્યતંત્રએ કર્યો છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં મેલેરિયાના કેસોની સંખ્યામાં છેલ્લા ત્રણેક વર્ષથી ઘટાડો જોવા મળી રહ્યો છે તે પણ નોંધનીય છે.

નમાજ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

છે, તેને લઈને અમુક લોકોએ વિરોધ કર્યો છે. શુક્રવારે આ કારણે તાજમહેલ બંધ પણ રાખવામાં આવે છે.

ગત વર્ષે પણ આ પ્રકારની માંગણી કરવામાં આવી હતી, જેમાં કહેવામાં આવ્યું હતું કે કા તો નમાઝ બંધ કરવામાં આવે અથવા તો શિવચાલીસા વાંચવાની પરમિશન આપવામાં આવે. રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના ઈતિહાસ વિંગ અખિલ ભારતીય ઈતિહાસ સંકલન સિમિતિ (છઈજીજી)એ માંગ કરી હતી કે તાજમહેલમાં શુક્રવારે થનાર નમાજ પર રોક લગાવવામાં આવે.

ઘણી વખત બીજેપી નેતા આ પ્રકારના નિવેદન આપી ચૂક્યા છે, જેમાં તેમને તાજમહેલને શિવમંદિર બતાવ્યું છે. અમુક લોકએ તેને તેજોમહાલય પણ ગણાવ્યો હતો.

સીધુ પ્રસારણ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

સરકારના માહિતી અને પ્રસારણ મંત્રાલય અને કાનૂન મંત્રાલયને પ્રતિવાદી તરીકે બનાવવામાં આવ્યા છે. અરજીમાં કહેવામાં આવ્યું છે કે, દરેક વ્યક્તિને માહિતી મેળવવા માટેનો અધિકાર રહેલો છે. અરજી કરનારે પોતાની અપીલમાં દલીલ કરી હતી કે, જે મામલા રાષ્ટ્રીય મહત્વના છે અને બંધારણીય પાસાઓ ધરાવે છે તે તમામ મામલાઓમાં દરેક નાગરિક પાસે માહિતી પહોંચે તે ખુબ જરૂરી છે. કોર્ટમાં આખરે શું થયું તે બાબત જાણવાનો લોકોને અધિકાર છે. આવી સ્થિતિમાં લોકોને બાકી સમાચારો ન મળે આ કારણથી આ પ્રકારના મામલામાં જીવંત પ્રસારણ થવું જોઈએ અને રેકોર્ડિંગ પણ થવું જોઈએ. સુપ્રીમ કોર્ટ તરફથી ૨૩મી જુલાઈ સુધી સરકારને જવાબ આપવા માટે મહેતલ આપી દેવામાં આવી છે. હવે ૨૩મીએ વધુ સુનાવણી હાથ ધરાશે.

પાણી-પાણી... ● અનુસંધાન પહેલાનું ચાલુ

મહિલાનું મોત થઈ જાય છે. આ વિડિયોથી ખળભળાટ મચી ગયો છે. કુર્લા અને નાળાસુપારા વિસ્તારમાં ભારે વરસાદથી જનજીવન ખોરવાઈ ગયું છે. ટ્રેન સેવાઓએ ખોરવાઈ ગઈ છે. હવામાન વિભાગે માહિતી આપતા કહ્યું છે કે, છેલ્લા ૨૪ કલાકમાં સાત ઈંચથી વધુ વરસાદ થયો છે. દહાણુમાં ૩૦૮ મીમી વરસાદ થયો છે. એકબાજુ માર્ગો પર પાણી ભરાઈ જવાના કારણે જનજીવન ખોરવાઈ પડ્યું છે. રેલવે સ્કાયવોક ઉપર પણ પાણી ફરી વળ્યા છે. સ્કુલ અને કોલેજોમાં જતા વિદ્યાર્થીઓ આજે નિકળ્યા ન હતા. કુર્લા, થાણે, અંધેરી, સાયન, માટુંગા, ધારાવી, ભિવંડી, કલ્યાણમાં માર્ગો ઉપર પુર જેવી સ્થિતિ સર્જાઈ ગઈ છે. લોકોને ઘરમાં રહેવા માટેની સલાહ આપવામાં આવી છે. બેસ્ટ બસોના રસ્તા બદલી દેવામાં આવ્યા છે. કેટલીક બસોને બંધ પણ કરી દેવામાં આવી છે. ભારે વરસાદના કારણે તમામ ટ્રેનો ધીમીગતિએ દોડી રહી છે. પશ્ચિમ રેલવેએ કહ્યું છે કે, નાલાસોપારામાં ટ્રેક ઉપર ૧૮૦ મિલીમીટર સુધી પાણી હોવાના કારણે આ ટ્રેક ઉપર ટ્રેનોને રોકી દેવામાં આવી છે. ઉપનગરીય લાઈન ઉપર પણ ટ્રેનો રોકવામાં આવી છે. બાકી લાઈનો ઉપર ટ્રેન ધીમીગતિએ ચાલી રહી છે. સેન્ટ્રલ રેલવેને હજુ સુધી કોઈ અસર થઈ નથી પરંતુ થાણે અને કલવા વચ્ચે ટ્રેનના ટ્રેક ઉપર ભારે પાણી ભરાઈ ગયા છે જેથી ટ્રેન સેવા રોકી દેવામાં આવી છે. પશ્ચિમ રેલવેએ દાદર, માટુંગા, ગોરેગાંવ અને બીજા સ્ટેસનો પર ટ્રેક પરથી પાણીને દૂર કરવા હેવી ડ્યુટી પંપ લગાવવામાં આવ્યા છે. આનાથી પાણી બહાર કાઢવામાં આવી રહ્યા છે. મુંબઈમાં અતિભારે વરસાદના કારણે છેલ્લા કેટલાક દિવસથી લોકોની હાલત કફોડી બનેલી છે. સિઝનમાં સૌથી ભારે વરસાદ પડ્યો હોવાના અહેવાલ મળ્યા છે. મુંબઈમાં ભારે વરસાદથી હજુ રાહત મળે તેવી શક્યતા ઓછી દેખાઈ રહી છે. બીએમસીની તૈયારીની પોલ ખુલી ગઈ છે. બીએમસી દ્વારા મોનસુન સિઝન પહેલા દાવો કરવામાં આવ્યો હતો કે, વરસાદમાં આ વખતે કોઈપણ જગ્યાએ પાણી ભરાશે નહીં પરંતુ ટુંકાગાળાની

અંદર જ બીએમસીની પોલ ખુલી ગઈ છે. રસ્તા પર પડી ગયેલા ગાબડા અને સાથે સાથે મોટા ભુવા જીવલેણ સાબિત થઈ રહ્યા છે.આગામી પાંચ દિવસ દરમિયાન અતિભારે વરસાદની ચેતવણી તંત્ર દ્વારા જારી કરવામાં આવી છે. આજે ભારે વરસાદના કારણે અનેક જગ્યાઓએ જળબંબાકારની સ્થિતિ સર્જાઈ ગઈ હતી. મુંબઈ ઉપરાંત મહારાષ્ટ્રના અન્ય ભાગોમાં પણ ભારે વરસાદ થઈ રહ્યો છે. વેસ્ટર્ન એક્સપ્રેસ હાઈવે અને અન્ય જગ્યા પર લોકો અટવાયા હતા. જો કે, બચાવ અને રાહત કામગીરી ઘણા વિસ્તારમાં હાથ ધરવામાં આવી છે. એનડીઆરએફની ટીમ પણ તૈનાત કરવામાં આવી છે. મુંબઈમાં તમામ નિચાણવાલા વિસ્તારો જળબંબાકાર રહ્યા હતા. ઉપનગરીય ટ્રેન સેવાને પણ અસર થઈ હતી. સેન્ટ્રલ રેલવેએ માહિતી આપતા કહ્યું છે કે સવારે થોડાક સમય સુધી લોકલ ટ્રેનને બંધ રાખવામાં આવ્યા બાદ ટ્રેન સેવા ફરી શરૂ કરી દેવામાં આવી છે પરંતુ સેન્ટ્રલ રેલવે દ્વારા લાંબ અંતરની અનેક ટ્રેનોને ડાયવર્ટ કરી દીધી છે. કેટલીક ટ્રેનો રદ પણ કરાઈ છે. હિંદમાતા, ભાંડુપ સહિતના વિસ્તારોમાં પાણી ભરાઈ ગયા હતા. સોમવાર અને મંગળવારના દિવસે પણ ભારે વરસાદ જારી રહેવાની ચેતવણી જારી કરાઈ છે. હવામાન વિભાગની ચેતવણી બાદ બીએમસી દ્વારા સાવચેતીના તમામ પગલા લેવામાં આવી રહ્યા છે. બસ સેવાને પણ માઠી અસર થઈ છે. સાથે સાથે મુંબઈની લાઈફલાઈન સમાન ગણાતા લોકલ ટ્રેન સેવાને પણ અસર થઈ છે.

સજા અકબંધ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

છેલ્લી ઘડીએ જે નિવેદન આપ્યું હતું તે ખુબ મહત્વપર્ણ અને સૌથી મહત્વપૂર્ણ કડી તરીકે છે. આ સમગ્ર મામલાથી દેશ હચમચી ઉઠ્યો હતો. ચીફ જસ્ટિસ દિપક મિશ્રાના નેતૃત્વમાં બેંચે ચારેય અપરાધીઓને મૃત્યુદંડની સજા ફટકારી હતી. ત્યારબાદ આ અપરાધીઓએ એક એક કરીને રિવ્યુ પિટિશન દાખલ કરી હતી. નિયમ મુજબ રિવ્યુ પિટિશનની ઓપન કોર્ટમાં સુનાવણી હાથ ધરાઈ હતી. ચોથી મે ૨૦૧૮ના દિવસે ચુકાદો અનામત રાખવામાં આવ્યો હતો. આજના ચુકાદા બાદ તમામ લોકો તરફથી સુપ્રીમના ચુકાદાનું સ્વાગત કરવામાં આવી રહ્યું છે.

આ કેસમાં સરકારી વકીલો તરફથી દોષિતોને ફાંસી આપવાની માંગ કરવામાં આવી હતી. સુપ્રીમ કોર્ટના ચીફ જસ્ટિસ દિપક મિશ્રા, જસ્ટિસ અશોક ભુષણ, જસ્ટિસ આર ભાનુમતિની બેંચ દ્વારા આ ચુકાદો આપવામાં આવ્યો હતો. સુપ્રીમ કોર્ટે કહ્યું હતું કે, આ અપરાધીઓ સામે ખુબ જ નક્કર પુરાવા રહેલા છે. અત્રે ઉલ્લેખનીય છે કે, ૧૬ અને ૧૭ ડિસેમ્બર ૨૦૧૨ના દિવસે અડધીરાત્રે પેરામેડિકલની આ વિદ્યાર્થીની ગેંગરેપનો શિકાર થઈ હતી. ચાલતી બસમાં દક્ષિણ દિલ્હીમાં તેના ઉપર ગેંગરેપ કરવામાં આવ્યો હતો. છ લોકો દ્વારા તેના ઉપર ગેંગરેપ કરાયો હતો. અમાનવીયરીતે ગેંગરેપ કરાયા બાદ તેને નિર્દયરીતે માર મારીને ફેંકી દેવામાં આવી હતી. ૨૯મી ડિસેમ્બર ૨૦૧૨ના દિવસે સિંગાપોરમાં માઉન્ટ એલિઝાબેથ હોસ્પિટલમાં તેનું મૃત્યુ થયું હતું. આ કેસમાં અપરાધીઓ પૈકીના એક રામસિંહને તિહાર જેલમાં આત્મહત્યા કરી લીધી હતી. અન્ય એક કિશોર આરોપી જેને જુએનાઈલ જસ્ટિસ બોર્ડ દ્વારા અપરાધી ઠેરવવામાં આવ્યો હતો. તેને ત્રણ વર્ષની સજા પુરી કરી લીધા બાદ રિફોર્મેશન હોમમાંથી હાલમાં જ